# લેબગ્રોનના વેચાણ પર રશિયાની લગામ

**રશિયામાં** લેબગ્રોન હીરાને 'ફેસેટેડ સિન્થેટિક ડાયમંડ' તરીકે ઓળખાવવાનું ફરજિયાત

**જાહેરાતોથી** લઈને પ્રમાણપત્રો સુધી નવા નિયમો લાગુ




સુરતઃ વિશ્વના હીરા ઉદ્યોગમાં કુદરતી અને લેબગ્રોન હીરા વચ્ચે ચાલી રહેલી સ્પર્ધા હવે નવા વળાંક પર પહોંચી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને લેબગ્રોન હીરાના વેચાણ અને તેના વર્ણનને નિયંત્રિત કરવા માટે રશિયન સરકારે લાગુ કરેલા નવા નિયમોને સમર્થન આપ્યું છે. પુતિને સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે કુદરતી રીતે પૃથ્વીના ગર્ભમાં સર્જાતા હીરા જ હીરા ઉદ્યોગનો મૂળભૂત આધાર હોવા જોઈએ.

રશિયાની સરકારી સમાચાર એજન્સી રિયા નોવોસ્તીના અહેવાલ મુજબ, મોસ્કોમાં યોજાયેલી રશિયા-આફ્રિકા સમિટ દરમિયાન પુતિને રશિયાના નાણામંત્રી એન્ટોન સિલુઆનોવના અભિપ્રાય સાથે સહમતી દર્શાવી હતી. પુતિને કહ્યું હતું કે, 'મારો અભિપ્રાય આપણા નાણામંત્રીએ વ્યક્ત કરેલા મતની વધુ નજીક છે. કુદરત દ્વારા જેનું સર્જન થાય છે તે જ આ ઉદ્યોગનો પાયો બનાવે છે.'

લેબગ્રોન હીરાના સમર્થકો દ્વારા કરવામાં આવતી દલીલોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, લેબગ્રોન હીરા દેખાવ અને ગુણવત્તાની દૃષ્ટિએ કુદરતી હીરાથી અલગ નથી અને કોઈ રીતે ઊતરતા પણ નથી, તેથી તેની કિંમત પણ કુદરતી હીરા જેટલી હોવી જોઈએ તેવી દલીલ કરવામાં આવે છે. જોકે, પુતિને આ દલીલને સ્વીકારવાને બદલે કુદરતી અને માનવસર્જિત હીરા વચ્ચેનો તફાવત સ્પષ્ટ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## રશિયામાં લેબગ્રોન ડાયમંડને લઈ નવા નિયમોનો અમલ શરૂ

રશિયન સરકારે ગવર્નમેન્ટ રિઝોલ્યુશન નંબર 657 હેઠળ નવા નિયમો લાગુ કર્યા છે, જેનો અમલ 1 સપ્ટેમ્બરથી શરૂ થયો છે. આ નિયમો મુજબ લેબગ્રોન હીરા માટે 'લેબગ્રોન' અથવા 'લેબ ક્રિએટેડ' જેવા શબ્દોના બદલે 'ફેસેટેડ સિન્થેટિક ડાયમંડ' એટલે કે કટિંગ અને પોલિશિંગ કરાયેલા કૃત્રિમ હીરા તરીકે ઓળખ આપવી ફરજિયાત બનાવવામાં આવી છે. રશિયન ભાષામાં કુદરતી હીરા માટે વપરાતો 'બ્રિલિયન્ટ' શબ્દ તેમજ રંગ અને શુદ્ધતાના ગ્રેડ દર્શાવવા માટે વપરાતી પરિભાષાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 'પ્રેશિયસ', 'જેન્યુઇન', 'નેચરલ', 'માઇનડ' અને 'ઇકો-ફ્રેન્ડલી' જેવા શબ્દોનો ઉપયોગ પણ સિન્થેટિક હીરાના વર્ણનમાં કરી શકાશે નહીં.

## કેરેટના બદલે ગ્રામમાં વજન દર્શાવવું પડશે

સામાન્ય રીતે હીરાના વેપારમાં વજન માટે કેરેટનો ઉપયોગ થાય છે, પરંતુ લેબગ્રોન હીરાનું વજન હવે ગ્રામમાં દર્શાવવું પડશે. ખાસ વાત એ છે કે આ નિયંત્રણો માત્ર દુકાનોમાં વેચાણ માટે મૂકવામાં આવેલા હીરાના લેબલ પૂરતા મર્યાદિત નથી. હીરાની જાહેરાતો, કંપનીઓની વેબસાઇટ્સ, વેચાણ સંબંધિત માહિતી અને ગ્રાહકોને આપવામાં આવતા પ્રમાણપત્રોમાં પણ આ નિયમોનું પાલન કરવું પડશે. આમ, લેબગ્રોન હીરાની માર્કેટિંગ અને બ્રાન્ડિંગની સમગ્ર પ્રક્રિયાને નિયમન હેઠળ લાવવામાં આવી છે.

## CIBJOએ પણ 'સિન્થેટિક' શબ્દને સત્તાવાર માન્યતા આપી

વૈશ્વિક જ્વેલરી ઉદ્યોગની સંસ્થા વર્લ્ડ જ્વેલરી કોન્ફેડરેશનએ પણ લેબગ્રોન હીરા અંગેની પરિભાષામાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. સપ્ટેમ્બર મહિનામાં યોજાયેલી બેઠકમાં સંસ્થાએ પોતાના બ્લુ બુક્સમાં માનવસર્જિત રત્નો માટે 'સિન્થેટિક' શબ્દને એકમાત્ર સત્તાવાર ઓળખ તરીકે સ્વીકારવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય હેઠળ અગાઉ ઉપયોગમાં લેવાતા 'લેબગ્રોન' અને 'લેબ ક્રિએટેડ' જેવા શબ્દોને સત્તાવાર પરિભાષામાંથી દૂર કરીને 'સિન્થેટિક' શબ્દને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

## ઓળખનો વૈશ્વિક મુદ્દો લેબગ્રોનના હબ સુરત માટે મહત્વનો

સુરત જેવા હીરા ઉત્પાદન અને પ્રોસેસિંગના આંતરરાષ્ટ્રીય કેન્દ્ર માટે આ વિકાસ નોંધપાત્ર છે. સુરતના હીરા ઉદ્યોગમાં કુદરતી હીરાની કટિંગ-પોલિશિંગ સાથે લેબગ્રોન હીરાનું ઉત્પાદન અને પ્રોસેસિંગ પણ થાય છે. આવા સંજોગોમાં રશિયા જેવા દેશના નિયમનકારી અભિગમ અને CIBJOની પરિભાષામાં થયેલા ફેરફારો પર વૈશ્વિક હીરા વેપારીઓ, ઉત્પાદકો અને જ્વેલરી ક્ષેત્રની નજર રહેશે.

## સરથાણા સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય અન્નકૂટ ઉત્સવની ઉજવણી



■ સુરત : દિવાળીના અવસરે સરથાણા સ્થિત મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિરમાં આકર્ષક રંગોળી, દીપમાળા અને કલાત્મક સુશોભન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ, ઘનશ્યામ મહારાજ સહિત ગુરુ પરંપરાની સર્વોપરી મૂર્તિઓ સમક્ષ વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ અને સ્વાદિષ્ટ વાનગીઓ સહિત અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મહંત સનાતન સ્વરૂપદાસજી સ્વામી સહિત સંતોએ ભક્તિભાવપૂર્વક તૈયાર કરેલી વાનગીઓ ભગવાનને અર્પણ કરી હતી. ષોડશોપચાર વિધિથી ભગવાનનું પૂજન કરવામાં આવ્યું હતું. આચાર્ય જિતેન્દ્રીય પ્રિયદાસજી સ્વામી મહારાજે લંડનથી ઓનલાઇન દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. દેશ-વિદેશના હરિભક્તોએ ઓનલાઇન દર્શનનો લાભ લીધો હતો. મોટી સંખ્યામાં ભાવિકોએ મંદિરે આવી અન્નકૂટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ડિંડોલીમાં દાદાએ જ ૩ વર્ષની માસૂમ પૌત્રી સાથે ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું

**સૂતેલી** બાળકીની સંભાળ રાખવા રોકાયેલા દાદાએ ગુપ્ત ભાગમાં ઈજા પહોંચાડી

સુરત : ડિંડોલી વિસ્તારમાં પારિવારિક સંબંધોને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. ઘરમાં સૂતેલી ત્રણ વર્ષની પૌત્રીની દેખરેખ રાખવાની જવાબદારી સોંપીને પરિવારજનો નવા મકાનની સાફસફાઈ કરવા ગયા હતા. તે સમયે ત્રણ વર્ષની હેત્વી (નામ બદલ્યું છે)સૂતી હોવાથી તેને ઘરે જ રાખી સસરાને ધ્યાન રાખવા જણાવ્યું હતું. પરિવારજનો બે કલાકમાં પરત આવવાનું કહીને નીકળ્યા હતા.

સાંજે આશરે છ વાગ્યે પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે બાળકી ટોયલેટમાં હતી. માતાને બાળકીનાં કપડાં અને ગુપ્ત ભાગ પાસે લોહી જોવા મળ્યું હતું. બાળકીની પથારીની ચાદર અને ઘરની લાદી પર પણ લોહીના ડાઘ જોવા મળતાં માતાને કંઈક અજુગતું બન્યાની શંકા ગઈ હતી. બાળકી દુખાવો થતો હોવાનું ઈશારાથી જણાવતી હતી.

આ અંગે સસરાને પૂછતાં તેમણે શરૂઆતમાં કંઈ કર્યું ન હોવાનું જણાવ્યું હતું. જોકે, બાદમાં પરિવારજનો દ્વારા પૂછપરછ કરતાં તેમણે માત્ર આંગળી લગાડી હોવાનું કહ્યું હોવાનું જણાવતા ત્યાં હાજર સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. અને બાળકીની હાલત જોઈ માતા-પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવવાનો નિર્ણય લીધો હતો. આરોપ છે કે, પરિવારજનોની ગેરહાજરીનો લાભ લઈ સસરાએ ત્રણ વર્ષની માસૂમ પૌત્રી સાથે અઘટિત કૃત્ય કર્યું હતું. આ મામલે બાળકીની માતાની ફરિયાદના આધારે ડિંડોલી પોલીસે પોક્સો કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે.

# લિંબાયતમાં ફટાકડાનો તણખો પડતાં યુવકની ચપ્પુના ઘા ઝીંકી હત્યા

**વિકાસ** ઉર્ફે નેપાળીના કરુણ મોતથી ચકચાર, ગણતરીના કલાકોમાં બંને ભાઈ ઝડપાયા

સુરતઃ લિંબાયત વિસ્તારમાં ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલી તકરારમાં વિકાસ ઉર્ફે નેપાળી શિવકુમાર યાદવ (ઉં.વ.૨૭) ને પડખાના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો.

તા.૮ નવેમ્બરની રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યે ક્રિષ્નાનગર-૨માં રહેતો વિકાસ ઉર્ફે નેપાળી તેના મિત્રો આદર્શ મિશ્રા, મંજિત ચૌધરી, ભોલા ચૌહાણ અને સુનીલકુમાર ઉર્ફે લલ્લુ સાથે સોસાયટીના નાકે ફટાકડા ફોડી રહ્યો હતો. દરમિયાન ફટાકડાની ચિનગારી વૃંદાવન સોસાયટીમાં રહેતા નિલેશ મોર્યા અને પંકજ મોર્યાના ઘરના ઓટલા પાસે પડતાં બંને ભાઈએ બહાર આવી ફટાકડા ફોડવાની ના પાડી હતી. આ દરમિયાન વિકાસનો કોલર પકડી ઝપાઝપી શરૂ થઈ હતી. જેમાંસુનીલકુમાર ઉર્ફે લલ્લુ નીચે પટકાતાં તેના પિતા વચ્ચે પડી ઝઘડો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, નિલેશે તેમના ખભાના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી દીધો હતો. ત્યારબાદ પંકજે વિકાસને પકડી રાખ્યો હતો અને નિલેશ ચપ્પુ મારવા જતાં વિકાસના મિત્ર આદર્શ મિશ્રાએ ચપ્પુ પકડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેના હાથમાં ઈજા થઈ હતી. આદર્શને મુક્કો મારી નીચે પાડી દીધા બાદ નિલેશે વિકાસના ડાબી બાજુના પડખાના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી દેતાં તેનું મોત નીપજ્યું હતું.

આ અંગે મૃતકની માતા ચંદ્રકલા યાદવે લિંબાયત પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલકરી ટીમે ટેક્નિકલ તપાસ અને બાતમીના આધારે ગણતરીના કલાકોમાં જ નિલેશ જયપ્રકાશ મોર્યા (ઉં.વ.૨૩) અને પંકજ જયપ્રકાશ મોર્યા (ઉં.વ.૨૬) (બંને રહે.,વૃંદાવન સોસાયટી, લિંબાયત)ને ઝડપી પાડ્યા હતા.

## વિકાસ સામે ત્રણ વખત પાસાની કાર્યવાહી

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે હત્યાનો ભોગ બનેલો વિકાસ ઉર્ફે નેપાળી અગાઉથી ગુનાહિત ઇતિહાસ ધરાવતો હતો. તેની સામે લિંબાયત અને વલસાડ સિટી પોલીસ મથકમાં મિલકત સંબંધી ગુનાઓ, આર્મ્સ એક્ટ, મારામારી, ધમકી અને પ્રોહિબિશન સહિતના દસથી વધુ ગુનાઓ નોંધાયેલા હતા. તેની ગુનાહિત પ્રવૃત્તિઓને પગલે વર્ષ-૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૩માં એમ ત્રણ વખત પાસા હેઠળ અટકાયત પણ કરવામાં આવી હતી.

# પૈસાના અભાવે ૪ વર્ષમાં ૬૨૪૦ આરોપીને મફત વકીલાતનો લાભ

**પોક્સો,** ખૂન, NDPS અને ચેક રિટર્ન જેવા ગુનામાં LADCના વકીલોની બચાવ પક્ષે પેરવી

**મફત** વકીલ મેળવવા માટે સુરત DLSAને દર મહિને સરેરાશ ૧૩૦થી વધુ અરજી મળે છે

સુરતઃ વ્યવહારિક જીવનમાં જ્યારે કોઈ વ્યક્તિ કાનૂની વિવાદમાં ફસાય છે, ત્યારે સૌથી મોટો યક્ષપ્રશ્ન ઊભો થાય છે કે વકીલની ભારેખમ ફી ક્યાંથી ભરવી? આર્થિક સંકટના કારણે કોઈ નાગરિક પોતાના ન્યાયિક અધિકારોથી વંચિત ન રહી જાય એ માટે દેશમાં 'નિઃશુલ્ક કાનૂની સહાય'ની મજબૂત વ્યવસ્થા અમલમાં છે. આ વ્યવસ્થા હેઠળ સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA) દ્વારા છેલ્લાં ચાર વર્ષમાં ૬,૨૪૦ જેટલા આરોપીઓને મફત વકીલ ફાળવીને ન્યાયિક રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. વર્ષ-૨૦૨૩માં શરૂ કરાયેલી લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સેલ (LADC) સિસ્ટમ હેઠળ નિમણૂક પામેલા વકીલો દ્વારા પોક્સો (POCSO), ખૂન, એનડીપીએસ (NDPS), ચોરી, ચેક રિટર્ન અને જામીન અરજીઓ જેવા ગંભીર કેસોમાં આરોપીઓ વતી કોર્ટમાં મજબૂત બચાવ કરવામાં આવે છે. આંકડા દર્શાવે છે કે સુરતમાં દર મહિને સરેરાશ ૧૩૦થી વધુ જરૂરિયાતમંદ આરોપીઓ મફત કાનૂની મદદ મેળવવા માટે DLSAને અરજી કરે છે. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA) તરફથી પ્રાપ્ત વિગત મુજબ જે વ્યક્તિની વાર્ષિક આવક ૩ લાખ કે તેથી ઓછી હોય, મહિલાઓ, બાળકો, દિવ્યાંગ વ્યક્તિઓ, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ના સભ્યોને મફત કાનૂની સહાય (વકીલ) પૂરી પાડવામાં આવે છે.


# દિવાળીના પર્વે નવી સિવિલના સફાઈ કર્મચારીઓને સાડીની ભેટ



સુરતઃ દિવાળીના પવિત્ર પર્વ નિમિત્તે સુરત નવી સિવિલ હોસ્પિટલના કોવિડ બિલ્ડિંગમાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓ માટે સાડી વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમાર્થ ફાઉન્ડેશનના પ્રમુખ કોમલ બચકાનીવાલા દ્વારા સફાઈ કર્મચારીઓને સાડીઓનું વિતરણ કરી દિવાળીની ખુશીઓ વહેંચવામાં આવી હતી. આ પ્રસંગે નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામા, આર.એમ.ઓ. ડો. લક્ષ્મણ તહેલાની, નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલા ઉપસ્થિત રહ્યા હતા. દિવાળીના પર્વે સફાઈ કર્મચારીઓને સાડીની ભેટ આપી તેમના યોગદાનને બિરદાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# બ્રિજ સિટી બાદ ગ્રીન સિટીઃ 4 વર્ષમાં 30 અર્બન ફોરેસ્ટ ઊભા કરવા આયોજન

**'ગ્રીન સુરત'** પ્રોજેક્ટ હેઠળ જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી શહેરમાં જંગલો વિકસાવાશે; બજેટમાં પણ ખાસ જોગવાઈ કરાઈ




સુરતઃ ડાયમંડ અને ટેક્સટાઇલ સિટી તરીકે વિશ્વભરમાં જાણીતું સુરત હવે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે પણ એક નવો કીર્તિમાન સ્થાપિત કરવા જઈ રહ્યું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરને વધુ લીલુંછમ અને પ્રદૂષણમુક્ત બનાવવાના ઉદ્દેશથી 'ગ્રીન સુરત' પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ-2030 સુધીમાં કુલ 30 અર્બન ફોરેસ્ટ (શહેરી જંગલો) ઊભાં કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મનપા દ્વારા રજૂ કરાયેલા બજેટમાં પણ આ પર્યાવરણીય લક્ષ્યાંકને પૂરું કરવા માટે ખાસ નાણાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં વધી રહેલા કોંક્રીટનાં જંગલો વચ્ચે શુદ્ધ હવા અને તાજગી પૂરી પાડવા માટે આ 30 અર્બન ફોરેસ્ટ મહત્ત્વનો ભાગ ભજવશે, જેનાથી સુરતના પર્યાવરણમાં સકારાત્મક બદલાવ જોવા મળશે.

આ તમામ આર્બન ફોરેસ્ટનું નિર્માણ વિશ્વભરમાં પ્રખ્યાત જાપાનીઝ 'મિયાવાકી પ્લાન્ટેશન' પદ્ધતિથી કરવામાં આવશે. જાપાનના વનસ્પતિશાસ્ત્રી ડો.અકીરા મિયાવાકી દ્વારા શોધાયેલી આ ટેક્નિકમાં ઓછી જગ્યામાં સ્થાનિક પ્રજાતિના છોડ અને વૃક્ષોને અત્યંત નજીક-નજીક રોપવામાં આવે છે. આ વૈજ્ઞાનિક પદ્ધતિથી વૃક્ષો સામાન્ય કરતાં 10 ગણા ઝડપથી વધે છે અને પરંપરાગત જંગલોની સરખામણીએ 30 ગણું વધુ ગાઢ જંગલ તૈયાર થાય છે. મિયાવાકી પદ્ધતિથી બનેલા આર્બન ફોરેસ્ટ માત્ર 2થી 3 વર્ષમાં સ્વયંસંચાલિત બની જાય છે, જે હવાની ગુણવત્તા સુધારવા, તાપમાન ઘટાડવા અને સ્થાનિક જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ સાબિત થાય છે. 'ગ્રીન સુરત' અભિયાન થકી શહેરમાં હરિયાળીનું પ્રમાણ વધારી સુરતવાસીઓને વધુ સ્વસ્થ અને સુંદર પર્યાવરણની ભેટ મળશે.

# દિવાળી વેકેશનમાં સુરતીઓ દેશ-વિદેશની ટૂર ટ્રીપ પર રવાના

**દુબઈ**-થાઇલેન્ડથી લઈને કાશ્મીર-કેરળ સુધીના પ્રવાસો માટે સુરતીઓએ મોંઘાં હોલિડે પેકેજ ખરીદ્યાં

**500** કરોડથી વધુનાં એડ્વાન્સ બુકિંગથી ટુરિઝમ સેક્ટર ધમધમી ઊઠ્યું

સુરત : દિવાળીનો તહેવાર એટલે માત્ર ફટાકડા, મીઠાઈ અને રોશની નહીં, પરંતુ સુરતીઓ માટે વેકેશનનો આનંદ અને દેશ-વિદેશના પ્રવાસોનો મહાપર્વ બની ગયો છે. વ્યવસાયમાં તેજી હોય કે પછી મંદીનો માહોલ હોય સુરત શહેરના લોકો પોતાની મહેનતનું જીવનશૈલી અને અદભુત ખાણીપીણીની સાથોસાથ ફરવાના અતિ શોખીન તરીકે સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. દિવાળી વેકેશન પડતાં જ સુરતીઓ દેશ-વિદેશની યાત્રા પર રવાના થયા છે,

દર વર્ષે દિવાળીનું વેકેશન પડતાં જ સુરતમાંથી લાખોની સંખ્યામાં લોકો પોતાના પરિવાર અને મિત્રવર્ગ સાથે હરવા-ફરવા માટે નીકળી પડતા હોય છે. આ દિવાળી વેકેશન દરમિયાન ટુર અને ટ્રાવેલિંગ ઇન્ડસ્ટ્રીમાં કરોડો રૂપિયાનું ટર્નઓવર થતું હોય છે. હજારોથી લઈને લાખો રૂપિયા સુધીના દિવાળી હોલિડે પેકેજો ખરીદ્યા છે. સુરતનાં મોટા અને જાણીતા ટુર્સ એન્ડ ટ્રાવેલર્સનાં વ્યવસાય સાથે સંકળાયેલાં એક ઓપરેટરે જણાવ્યું હતું કે, સિઝનમાં 500 કરોડથી વધુનાં બુકિંગ મળ્યા છે. સુરતીઓ દ્વારા દુબઈ, થાઈલેન્ડ, સિંગાપોર, મલેશિયા અને યુરોપ જેવા આંતરરાષ્ટ્રીય ડેસ્ટિનેશનથી લઈને કાશ્મીર, કેરળ, ગોવા, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશ જેવા ઘરેલુ પ્રવાસન સ્થળો માટે અગાઉથી જ એડવાન્સ બુકિંગ કરાવવામાં આવ્યા છે.

## મોંઘા રિસોર્ટ્સ, ફાઇવ સ્ટાર હોટેલ્સનું બુકિંગ

આર્થિક દૃષ્ટિએ પણ ટ્રાવેલ એજન્ટો, હોટેલ સંચાલકો, કેબ સર્વિસ અને એરલાઇન્સ કંપનીઓ માટે કરોડો રૂપિયાની કમાણીનું સાધન બની રહે છે. પરિવાર સાથે ક્વોલિટી ટાઇમ વિતાવવા માટે સુરતીઓ મોંઘામાં મોંઘા રિસોર્ટ્સ અને ફાઇવ સ્ટાર હોટેલ્સમાં બુકિંગ કરાવે છે, જેના કારણે સ્થાનિકથી લઈને વૈશ્વિક સ્તરે પ્રવાસન ઉદ્યોગને મોટો વેગ મળે છે. ટૂંકમાં કહીએ તો, દિવાળીના તહેવાર ટાણે સુરતના બજારોમાં ખરીદીનો માહોલ તો હોય જ છે, પરંતુ સાથે-સાથે ટુરિઝમ અને ટ્રાવેલિંગ ઇન્ડસ્ટ્રીમાં પણ કરોડો રૂપિયાનું આર્થિક ભંડોળ ઠાલવાતા આખો બિઝનેસ સેક્ટર ધમધમી ઉઠે છે અને દિવાળીની સાચા અર્થમાં ભવ્ય ઉજવણી કરે છે.

# છ વર્ષબાદ નવું 'ગાંધીસ્મૃતિભવન' કાર્યરત થશે

**આશરે** ૩.૫૫.૦૭ કરોડના જંગી ખર્ચે નિર્માણ થતાં ભવનમાં 886 નાગરિકની બેઠક ક્ષમતા હશે




સુરતઃ સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલું ઐતિહાસિક ગાંધી સ્મૃતિ ભવન એ માત્ર એક ઈમારત નથી, પરંતુ દાયકાઓથી સુરતવાસીઓની કલા, સાહિત્ય અને નાટ્યપ્રિયતાની ધડકન રહ્યું છે. આ ભવનનું મૂળ ઉદ્ઘાટન વર્ષ-1980માં થયું હતું, ત્યારથી લઈને વર્ષ 2018-19 સુધી આ મંચ અનેક નાટકો, સંગીત સમારોહો અને સાંસ્કૃતિક આયોજનોનું સાક્ષી બન્યું હતું. સમય જતાં જૂનું બિલ્ડિંગ જર્જરિત બનતા અને સુરક્ષા તથા આધુનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેને વર્ષ-2020માં બંધ કરી દેવામાં આવ્યું હતું અને બાદમાં તેને તોડી પાડવામાં આવ્યું હતું. હવે સુરત મહાનગરપાલિકા દ્વારા કલા જગતની આ ખૂટતી કડીને પુનઃ જોડવા માટે એ જ જૂની જગ્યાએ (જીવન ભારતી સ્કૂલની સામે, નાનપુરા) આશરે રૂ.55.07 કરોડના જંગી ખર્ચે એક ભવ્ય અને અત્યાધુનિક ઓડિટોરિયમનું નિર્માણ કાર્ય પૂરઝડપે ચાલી રહ્યું છે, જે સુરતના સાંસ્કૃતિક ઈતિહાસમાં એક નવો અધ્યાય જોડશે. નવા વર્ષમાં આ ભવન લોકાર્પણ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. જેથી ફરીથી શહેરીજનો આ ભવનમાં સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શકશે.

નવા સ્વરૂપમાં સાકાર થઈ રહેલું આ ગાંધી સ્મૃતિ ભવન કલાકારો અને દર્શકો બંને માટે સુવિધાઓનો ખજાનો સાબિત થશે. અંદાજે 1883.00 ચોરસ મીટરના વિશાળ પ્લોટ પર તૈયાર થનારા આ ભવનમાં કુલ 886 નાગરિકની બેઠક ક્ષમતા (677 મુખ્ય બેઠક અને 209 બાલ્કની બેઠક) ઉપલબ્ધ હશે. આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે પર્યાવરણને અનુકૂળ 'ગ્રીહા ગ્રીન બિલ્ડિંગ 4 સ્ટાર પ્રી-સર્ટિફાઈડ' કોન્સેપ્ટ પર બની રહ્યો છે, જેમાં હેરિટેજ લૂક આપતું એક્સપોઝ્ડ બ્રિક વર્કનું આકર્ષક એલિવેશન જોવા મળશે. આ સિવાય અત્યાધુનિક લાઈટ અને સાઉન્ડ સિસ્ટમ, ગ્રીન રૂમ્સ, કોન્ફરન્સ હોલ, રેસ્ટોરન્ટ, કાફેટેરિયા તેમજ રિહર્સલ રૂમ જેવી સુવિધાઓથી સજ્જ આ વાસ્તુ કલાપ્રેમીઓ માટે નઝરાણું બનશે. શહેરમાં વાહનોની વધતી સમસ્યાને ધ્યાનમાં રાખીને ખાસ બેઝમેન્ટ પાર્કિંગની સાથે-સાથે ગ્રાઉન્ડ પ્લસ 5 માળનું અલગથી મલ્ટિલેવલ પાર્કિંગ પણ આયોજિત કરવામાં આવ્યું છે, જેથી આવનાર કલારસિકોને વાહન પાર્ક કરવામાં કોઈ જ અડચણ ન નડે.

## દિલ્હીમાં આયોજિત એવોર્ડ સમારોહમાં સુરતના 'ગાંધી સ્મૃતિ ભવન'ને 'GRIHA Exemplary Performance Award' એનાયત




તા.4-11-2026ના રોજ દિલ્હી ખાતે આયોજિત પ્રતિષ્ઠિત ''GRIHA Exemplary Performance (EP) Awards Ceremony''માં સુરતના નવનિર્મિત અને મહત્ત્વાકાંક્ષી 'ગાંધી સ્મૃતિ ભવન' પ્રોજેક્ટને 'Sustainable Building Materials' કેટેગરી અંતર્ગત રાષ્ટ્રીય સ્તરનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટને ધ્યાનમાં રાખીને કરાયેલા ઉત્કૃષ્ટ નિર્માણ કાર્ય તથા ટકાઉ સામગ્રીના ઉપયોગ બદલ સુરત મહાનગરપાલિકાના આ પ્રોજેક્ટને આ ભવ્ય સન્માન મળ્યું છે, જે સમગ્ર સુરત શહેર માટે ગર્વની બાબત છે.

આરોગ્ય કટોકટી સામે લડવા આરોગ્ય વિભાગનું વિશેષ આયોજન

# દિવાળીમાં આરોગ્ય વિભાગ એલર્ટ 1,494 એમ્બ્યુલન્સ 24 કલાક તૈનાત

**આરોગ્ય** રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ સુરતથી રાજ્યભરના આરોગ્ય અધિકારીઓ અને તબીબો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી

સુરતઃ દિવાળી અને નૂતન વર્ષની ઉજવણી દરમિયાન ફટાકડાથી દાઝવાના બનાવો, માર્ગ અકસ્માતો સહિતની સંભવિત આરોગ્યલક્ષી કટોકટીને પહોંચી વળવા ગુજરાતનું આરોગ્ય વિભાગ સજ્જ બન્યું છે. તહેવારોના દિવસોમાં નાગરિકોને સમયસર અને અવિરત તબીબી સારવાર મળી રહે તે માટે રાજ્યભરની સરકારી હોસ્પિટલો અને 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવામાં વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ અંગે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને સુરત ખાતેથી રાજ્યભરના આરોગ્ય અધિકારીઓ અને તબીબો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી.

બેઠકમાં આરોગ્ય કમિશનર, આરોગ્ય વિભાગની ટીમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ, તમામ સિવિલ હોસ્પિટલોના સુપરિન્ટેન્ડન્ટ્સ અને 108 એમ્બ્યુલન્સ સેવાના વડાઓ જોડાયા હતા. મંત્રીએ તમામ આરોગ્યકર્મીઓ અને તબીબોને દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે આગોતરું આયોજન કરવા સૂચના આપી હતી.

## 1,494 એમ્બ્યુલન્સ અને કોલ સેન્ટરમાં વધારાનો સ્ટાફ

રાજ્યભરમાં 108 ઇમરજન્સી સેવાની કુલ 1,494 એમ્બ્યુલન્સ સતત કાર્યરત રહેશે. તહેવારો દરમિયાન ઇમરજન્સી કોલમાં સંભવિત વધારાને ધ્યાનમાં રાખીને કોલ સેન્ટરમાં વધારાના કર્મચારીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. બર્ન્સ કેસ સહિતની કટોકટીમાં ઝડપી પ્રતિસાદ માટે એમ્બ્યુલન્સમાં જરૂરી દવાઓ અને મેડિકલ સુવિધાઓ પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે.

## અદ્યતન ટેકનોલોજીથી ઝડપી પ્રતિસાદ

108 સેવા હેઠળ દરેક ઇમરજન્સી કોલ માટે સૌથી નજીકની અને યોગ્ય એમ્બ્યુલન્સની સ્વચાલિત ફાળવણી કરવામાં આવે છે. દરેક કેસનું રિયલ ટાઇમ મોનિટરિંગ થતાં દર્દી સુધી ઝડપથી તબીબી સહાય પહોંચાડી શકાય છે